<u>વંચાણે લીધા :-</u> ૧. અત્રેની કચેરીના તા.૨૨/૦૬/૨૦૨૦ ના પરિપત્ર ક્રમાંક:નકૃયુ/રજી/ એડીએમ.૨.૩/ ૪૨૩૭-૮૬/ ૨૦૨૦.

૨. સેકશન અધિકારીશ્રી, કૃષિ,ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ, ગાંધીનગરના પત્ર ક્રમાંક:પરચ-૧૦૨૦૧૨/૩૦૩૫-ક.૨, તા.૦૨/૦૯/૨૦૨૦.

<u>ખેતીવાડી મદદનીશ વર્ગ-૩ સંવર્ગના કર્મચારીઓની માહિતી મોકલવા બાબત...</u>

તાત્કાલીક / સમયમર્યાદા

## -:: પરિપત્ર ::-

આથી નવસારી કૃષિ યુનિવર્સિટીના તમામ યુનિટ/સબ યુનિટ અધિકારીશ્રીઓને જણાવવાનું કે, ઉકત વંચાણે લીધેલ ક્રમ-૧ ના પરિપત્રથી આપના તાબા હેઠળની વિવિધ યોજનાઓમાં તરીકે હાલમાં ફરજ બજાવતા તેમજ નિવૃત્ત થયેલ કર્મચારીઓનું તારીખ:૦૧/૦૧/૧૯૮૮ થી પ્રથમ ઉચ્ચત્તર પગાર ધોરણની માહિતી મંગાવવામાં આવેલ હતી.

ઉપરોકત બાબતે સંબંધિત કચેરીના વડાશ્રીઓને જણાવવાનું કે, વંચાણે લીધેલ ક્રમ-૧ ના પરિપત્રથી માંગવામાં આવેલ માહિતી સરકારશ્રીના વંચાણે લીધેલ ક્રમ-૨ ના પત્રથી સદર માહિતી ફરીવાર મંગાવતા આપની કચેરીએથી આવેલ માહિતીની ચકાસણી કરતાં કેટલીક કચેરીઓની માહિતીના પત્રકના <u>**કોલમ નં.-૪ અને ૫**</u> માં ઘણી વિસંગતતા જણાયેલ છે. સદર બાબતે જણાવવાનું કે, વંચાણે લીધેલ ક્રમ-૧ ના પરિપત્રની સાથે સામેલ પત્રકની નીચે **"ઉપરોકત માહિતી કર્મચારીની સેવાપોથી સાથે ચકાસણી કરવામાં આવેલ છે" તે અંગેનું પ્રમાણપત્ર આપવાનું રહેશે તેમ જણાવેલ હતુ, જેનો અમલ દરેક કચેરીએ કરેલ હોવા છતાં માહિતીમાં વિસંગતતા જણાયેલ છે.** જેથી તમામ કચેરીના વડાશ્રીઓને તાકીદ કરવામાં આવે છે કે, યુનિવર્સિટી કક્ષાએથી જયારે અધિકારીશ્રી / કર્મચારીશ્રીઓની કે કોઇપણ માહિતી માંગવામાં આવે ત્યારે તેની કચેરીના સંલગ્ન દસ્તાવેજ સાથે પૂરતી ચકાસણી કરી ત્યારબાદ જ અત્રે મોકલવવી.

વધુમાં આપની કચેરીમાં હાલમાં ફરજ બજાવતા તેમજ નિવૃત્ત થયેલ ખેતી મદદનીશોની માહિતી નીચે મુજબના પત્રકમાં પ્રમાણપત્ર આપી **તાત્કાલીક ધોરણે સોફટ કોપી <u>(MS-Excel શીટમાં) શ્રૃતિ ફોન્ટમાં અને PDF ફોર્મેટ</u>માં નીચે જણાવેલ ઇ.મેઇલ ઉપર મોકલી આપવા જણાવવામાં આવે છે** જો તેમ કરવામાં ચૂક થશે અને કોઇ કર્મચારી રહી જવા પામશે તો તેની સંપૂર્ણ જવાબદારી જે તે કચેરીના વડાની રહેશે જે જાણ થવા સારૂ.

ઇ.મેઇલ :- **regiadm2.3@nau.in**

જા.નં.નકૃયુ/રજી/એડીએમ ૨.૩/ ૬૮૩૪-૯૩ /૨૦૨૦.
નવસારી
તા. ૨૪/૦૯/૨૦૨૦.

ઇ/ચા.કુલસચિવ
નવસારી કૃષિ યુનિવર્સિટી
નવસારી

<u>નકલ સવિનય રવાના :-</u>
અત્રેની યુનિવર્સિટીના તમામ યુનિટ/સબ યુનિટ અધિકારીશ્રીઓ તરફ જાણ તેમજ અમલ થવા સારૂ.

પત્રક

| ક્રમ | કર્મચારીનું નામ | હોદ્દો | પ્રથમ નિમણુંકની તારીખ | પ્રથમ ઉચ્ચત્તર પગાર ધોરણ મળ્યા તારીખ (હુકમ કર્યાની તારીખ જણાવવાની નથી) |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| | | | | |

<u>પ્રમાણપત્ર</u>

આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે, ઉપરોકત માહિતી કર્મચારીશ્રીઓની સેવાપોથી સાથે ચકાસણી કરવામાં આવેલ છે.